## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૨/૦૨/૨૦૨૩ થી તા. ૧૮/૦૨/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

### (૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૫/૨૦૨૩ તા.૧૩/૦૨/૨૦૨૩ :-

તા. ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.સ્ટે. ખાતે શી ટીમના સભ્યો સાથે પેટ્રોલીંગમા હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યએ આવી જણાવેલ કે ટ્રેન નં ૨૦૯૧૫ લીગમ પલ્લી ઇંદોર એક્સ ટ્રેનમાં એક છોકરો એકલો આવી રહેલ છે તેવી હકીકત જણાવતા સદર ટ્રેન ઉપર જઇ એસ-૫ કોચ સીટ નં ૦૧ ઉપર જઇ તપાસ કરતા જણાવેલ વર્ણનવાળો છોકરો જોવામા આવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ અરબાઝ સ/ઓ મોહમદ ઉ.વ. ૧૩ ધંધો અભાસ રહે. ભવાની બજાર સિધાર્થનગર ગોરખપુર વાળો હોવાનુ અને તે ઘરેથી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ અને વધુ કંઇ જાણતો ન હોય જેથી સદર છોકરાના વાલીવરસો ન મળે આવે ત્યા સુધી તેને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

### (૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૬/૨૦૨૩ તા.૧૪/૦૨/૨૦૨૩ :-

તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ શી ટીમના સભ્યને સુરત રેલ્વે સ્ટેશન ઉપરથી એક બાળકી એકલી જોવામા આવતા તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ માનવી ડો/ઓ ગીરીષ જાતે શર્મા ઉ.વ. ૧૭ ધંધો અભ્યાસ રહે છત્રી કોલોની શિવપુરી મધ્યપ્રદેશ વાળી પાંચેક મહીના પહેલા ઇસ્ટાગ્રામ એપથી એક છોકરાના સંપર્કમાં આવેલ જે છોકરા સાથે મોબાઇલ ફોન ઉપર વાતચીત દરમ્યાન તેઓ ઘરેથી ભાગીને લગ્ન કરવાનુ જણાવતા સદર બાળકી તા ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ ઘરેથી જાણ કર્યાવગર નીકળી આવેલ હોવાનુ જણાવતી હોય જેથી સદર્ બાળકીના પિતા સાથે સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તેમની દિકરી ગુમ થાયા અંગેની ફિજીકલ પોલીસ થાણા જી શિવપુરી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. ર. નં ૪૧/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ તા ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ ગુનો દાખલ થયેલ છે

બાદ તા ૧૫/૦૨/૨૦૨૩ ના રોજ ફિજીકલ પોલીસ થાણા જી શિવપુરી પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી લોકનાથ ભગત તથા બાળકીના દાદા નામે કેદાર શર્મા તથા સંજય શર્મા નાઓ સાથે સુરત રે.પો.સ્ટે. આવતા સદર ગુનાની એફ.આઇ. તેમજ તેઓના નિવેદન તથા યોગય આધાર પુરાવા મેળવી બાળકીને કબ્જો સદર પોલીસ તથા તેઓના વાલીવરસોને રૂબરૂમા સોપવામાં આવેલ છે

### (3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૪/૨૦૨૩ તા.૧૬/૦૨/૨૦૨૩ :-

તા. ૧૬/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે મુસાફર ખાનામાં એક સ્ત્રી એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે અમારે પતિ-પત્ની વચ્ચે ઝગડો થતા ઘરેથી નીકળી આવેલ છે તેમ જણાવતી હોઇ જેથી સુરત રે.પો.સ્ટે. લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સુજાતા વા/ઓ લલીત જાતે સોલંકી ઉ. વ. ૩૨ ધંધો નોકરી રહે ઘર નં સી-૬ રીવરપાર્ક કોઝવે રોડ સીગણપુર કતારગામ સુરતવાળી હોવાનુ અને તેના પતિ મુબંઇ નોકરી કરતા હોઇ અને તેના કાકાના દિકરાના લગ્ન હોવાથી તેના પતિ મુબંઇથી આવેલ હતા અને તેઓ આજરોજ સવારના તેના પતિ સાથે વાતચીત દરમ્યાન ઝગડો થતા તેને લાગી આવતા ઘરેથી કોઇને જાણ કર્યાવગર નિકળી આવેલ અને તેના માતાપિતાના મો.નંબર આપતા તેના પિતા નામે હસમુખભાઇ ટીડાભાઇ જાતે ચૌહાણ નાઓ સાથે સંપર્ક કરી વાતચીત કરતા તેઓએ જણાવેલ કે તેઓની દિકરી ઘરે થી જાણ કર્યા વગર નીકળી આવેલ અને તેના પતિ તેમની પત્નીને શોધી રહેલ છે જેથી તેઓ તેમની પત્ની વિશે માહીતી આપતા તેઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લેવા માટે આવતા બન્ને પતી પત્ની ને સમજાવી સદર મહિલાના માતાપિતા તથા પતિને કબ્જો રૂબરુમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૪) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૧૯/૨૦૨૩ તા.૧૭/૦૨/૨૦૨૩</u> :-**

તા. ૧૭/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ માન. શ્રી.સી.આર. પાટીલ પ્રદેશ પ્રમુખ નાઓ સંગીતાબેન પાટીલ ધારાસભ્ય લિમ્બાયત નાઓ ઉધના રેલ્વે કોલોની ખાતે આર.પી.એફ. બેરેક પધારી શહિદ સ્મુતિ વનનુ ઉદઘાટન કાર્યક્રમ બંદોબસ્તમાં હાજર હતા તે વખતે પી.એસ.ઓ નિતીનભાઇ ગુંણવતભાઇ નાઓએ ફોન કરી જણાવેલ કે એક મહિલા સુરત રે.પો.સ્ટે. મદદ માટે આવેલ હોય જેથી તેઓને બેસાડી રાખેલ હોય બંદોબસ્ત પુર્ણ થયેથી સદર મહીલાની યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ બાદ બંદોબસ્ત પુર્ણ થતા પોલીસ સ્ટેશન આવી સદર મહિલાનુ નામ ઠામ પુછતા ઉષા વા/ઓ રાજેશ જાતે ગૌતમ ઉ.વ. ૨૦ ધંધો ઘરકામ રહે ઘર નં ૨૧ ગલી નં ૧૨ ઘનશ્યામ નગર બોમ્બે માર્કેટ સુરત મુળ ગામ પીપરીયા થાણા હુગલી, જી. મહારાજગંજ ઉત્તરપ્રદેશ વાળી હોવાનુ અને તેનો પતિ તેઓને દારૂ પીને મરતો હોય અને તેઓની તબીયત સારી ન હોવાથી તેઓએ માતાપિતા પાસે જવાનુ કહેતા તેને મારમારી ઘરની બહાર કાઢી મુકતા સદર મહિલાના પતિને ફોન કરી જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે. આવવાની નાપાડતા હોય જેથી તેના પિતા સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે અમે તેને લેવા આવીશુ તેમ જણાવતા સદર મહિલાના માતાપિતા ન આવે ત્યા સુધી તેને અસ્થાઇ આશ્રય માટે સખી-વન- સ્ટોપ- સેંટર ન્યુ સીવીલ હોસ્પીટલ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવા માં આવેલ છે

**(૫) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૧/૨૦૨૩ તા.૧૮/૦૨/૨૦૨૩</u> :-**

તા. ૧૮/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે નં ૦૨ ઉપર ટ્રેન નં ૧૨૪૭૨ સ્વરાજ એક્સ ટ્રેન આવતા ટ્રેનના ટી.ટી નાઓએ જણાવેલ કે એક બાળકી એકલી ટ્રેનમા બેસેલ જેથી સદર બાળકીને ટ્રેનમાંથી ઉતારી સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ખુશી ડૉ/ઓ સદ્દામ જાતે અંસારી ઉ.વ. ૧૨ વર્ષ પાંચ મહીના રહે. ઝુન્નુ વારીસનગર પોસ્ટ ગયા કોટવાલી ગયા રાજ્ય બિહાર વાળી હોવાનુ અને તેને તેના માતાપિતા સાથે ઘરકામ બાબતે બોલચાલી થતા તે ઘરે થી જાણ કર્યા વગર દિલ્લી આવેલ અને ત્યાર બાદ દિલ્લી થી ટ્રેનના રીઝર્વેશન કોચમા બેસેલ હોવાનુ જણાવેલ જેથી સદર બાળકીના પિતા સદ્દામ નાઓનો મો.નંબર મેળવી સંપર્ક કરી બાળકી વિશે માહીતી આપતા તેઓ બાળકીને લેવા આવનાર હોય સદર બાળકીના વાલીવરસો ન મળી આવે ત્યા સુધી તેને અસ્થાઇ આશ્રય માટે ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામાં આવેલ છે

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા